1

| | | |
|---|---|---|
| રજુ તા. | : | ૧૨/૧૧/૨૦૨૫ |
| દાખલ તા. | : | ૧૨/૧૧/૨૦૨૫ |
| ફેંસલ તા. | : | ૧૭/૧૧/૨૦૨૫ |
| અવધિ | : | ૦૦ વર્ષ ૦૦ માસ ૦૫ દિવસ |

અરવલ્લી જીલ્લાના મે. સત્ર ન્યાયધીશશ્રીની અદાલતમાં, મુ.મોડાસા.

**<u>ફોજદારી પરચુરણ અરજ નં.૧૧૬૬/૨૦૨૫</u>**

આંક :

અરજદાર : માળી કૈલાસભાઈ કાનજીભાઈ
(આરોપી) ઉ.આ.વ.૩૯, ધંધો– વેપાર
રહે.૧૫૭, લક્ષ્મીનગર સોસાયટી, શર્મા એન્ડ કંપનીની સામે,
નરોડા, અમદાવાદ

વિ રુ દ્ધ

સામાવાળા/ફરિયાદી : શ્રી સરકાર

અરજ : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી...

---

અરજદાર/આરોપી તરફે... વિ.વકીલ શ્રી આર.વાય.શેખ
સામાવાળા/શ્રી સરકાર તરફે... વિ. પી.પી.શ્રી ડી.એસ.પટેલ

---

**<u>//ઠ રા વ//</u>**

૧.. સદરકામે અરજદાર/આરોપીએ મોડાસા રૂરલ પો.સ્ટે. ગુ.ર. નં. ૦૭૭૬ /૨૦૨૫, ધી ગુજરાત પ્રોહી.એકટ ૨૦૧૭ની કલમ– ૬૫(એ)(ઈ) અને ૮૧ મુજબના ગુન્હાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

૨.. અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ બજતા સરકાર તરફે વિ.પી.પી.શ્રી ડી.એસ.પટેલ હાજર થયેલ છે અને આંક–૭થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે.

૩.. અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, સદર ગુન્હાના કામે તપાસ કરનાર અમલદાર અરજદાર/આરોપીની ઘરપકડ કરવા તજવીજ કરી

રહેલા હોઈ તેઓને હાલની આગોતરા જામીન અરજી દાખલ કરવાની જરુરિયાત ઉપસ્થિત થયેલ છે અને અરજદારે કહેવાતો કોઈ જ ગુન્હો કરેલ નથી કે તેઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિત નથી અને તેઓ કહેવાતા ગુન્હા વિશે અજાણ છે, પરંતુ ગુન્હાના કામે પકડાયેલ ગાડી અરજદારની માલિકીની હોવાથી તેઓની ગુન્હામાં ખોટી સંડોવણી કરેલ છે તે હકીકત ધ્યાને લેવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે આ કામે અગાઉ પકડાયેલ આરોપી તે અરજદારના મિત્ર થતા હોઈ દિવાળીના તહેવારના કારણે તેમના પરિવારના સભ્યોને ફેરવવા માટે અરજદાર પાસેથી તેઓની ગાડી મારુતિ સુઝુકી કંપનીની બલેનો ગાડી રજી.નં.જી.જે.૦૧ .આર.વાય. ૬૯૫૨ લઈ ગયેલા અને તેનો ઉપયોગ વિદેશી દારુની હેરાફેરી કરવામાં કરતા પકડાઈ ગયેલ છે અને અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ ક્રેટા ગાડી ઉપર દારુ ભરવા માટે આ કામના પકડાયેલ આરોપીની આગળ પાયલોટીંગ કરીને ગયેલ નથી કે આવી કોઈ ક્રેટા ગાડી લઈને બીછીવાડા ગયેલ નથી તે હકીકત ધ્યાને લેવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી અરજીના મથાળે જણાવેલ સરનામાના કાયમી રહીશ છે અને સારી સામાજિક પ્રતિષ્ઠા ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેવા નથી અને તેમના શિરે તેમના પરિવારની જવાબદારી છે તે સંજોગોમાં તેઓની ધરપકડ કરવામાં આવે અને તેઓને જેલમાં રહેવાનું થાય તો તેમની સામાજિક પ્રતિષ્ઠા અને નોકરી ઉપર વિપરીત અસર પડે તેમ છે અને તેમના પરિવારને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવે તેમ છે અને અરજદાર/આરોપી નામ.કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવાની અને પોલીસ તપાસમાં સહકાર આપવાની ખાતરી આપે છે અને જામીન આપવા તૈયાર છે અને નામદાર કોર્ટે અગાઉ આરોપી યોગેશભાઈ બાબુભાઈ સોલંકીનાઓને ક્રિ.પ.અ.નં.૧૧૧૩/૨૦૨૫ના

કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે જેથી અરજીની હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. ફરિયાદપક્ષ તરફે વિ.પી.પી.શ્રી ડી.એસ.પટેલે એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદમાં જણાવેલ તારીખ, સમય અને જગ્યાએ આ કામના આરોપી યોગેશભાઈ બાબુભાઈ સોલંકીનાએ અન્ય સહ આરોપીઓ સાથે મળી મારુતિ સુઝુકી કંપનીની બલેનો ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.વાય. ૬૯૫૨, કિં .રૂા.૪,૦૦,૦૦૦/-નીમાં ભારતીય બનાવટના ઈંગ્લિશ દારુ/ બીયરની બોટલ/ ટીનની આખી પેટી નંગ-૨૪ જેમાં બોટલ/ટીન નંગ-૮૧૬ તથા છુટા બોટલ / ટીન નંગ-૪૩૧ મળી કુલ બોટલ / ટીન નંગ-૧૨૪૭, કિં.રૂા.૪,૧૫,૧૨૦/-નો પ્રોહી. મુદ્દામાલ વેચાણ અર્થે ભરી લાવી તથા મોબાઈલ ફોનની કિં.રૂા.૫,૦૦૦/- સાથે મળી કુલ મુદ્દામાલ કિં. રૂા.૮,૨૦,૧૨૦/-નો લાવી બલેનો ગાડીનો ચાલક આરોપી નાસી જઈ તેમજ બાજુમાં બસેલ ઈસમ આરોપી પકડાઈ ગયેલ છે અને સદર બનાવની ફરિયાદ હકીકત આધારે પોલીસે આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહી.એકટ ૨૦૧૭ની કલમ- ૬૫(એ)(ઈ) અને ૮૧ મુજબના ગુન્હાઓ નોંધેલ છે અને અરજદાર/આરોપી પોતે સદર પકાયેલ બલેનો ગાડીના માલિક હોવાનું તપાસમાં ખુલેલ છે અને અરજદાર/આરોપી વિરુધ્ધ સાણંદ જી.આઈ.ડી.સી. પો.સ્ટે.માં થર્ડ ગુના રજી.નં.૦૦૬૮/૨૦૨૦થી પ્રોહી. એકટની કલમ-૬૫(ઈ), ૮૧ અને ૯૮(૨) મુજબ તથા સાંતેજ પો.સ્ટે.માં પાર્ટ-સી ગુના રજી.નં.૦૨૧૭ /૨૦૨૦થી પ્રોહી.એકટની કલમ- ૬૫(એ,ઈ), ૮૧ અને ૧૧૬બી મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે અને સદર ગુન્હાના મુખ્ય સુત્રધારની હાલમાં તપાસ ચાલુ હોવાથી અને ગુન્હાની અન્ય મહત્વની કડીઓ મેળવવાની બાકી છે અને પકડાયેલ મુદ્દામાલનો જથ્થો મોટા પ્રમાણમાં છે. તેથી જો હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો સદર વોન્ટેડ આરોપી ગુન્હાના કામે હાજર રહે તેમ નથી અને હાલના અરજીના

અરજદાર/આરોપી તેમના સંપર્કમાં આવી આવા જ પ્રકાર ના ગુનાઓ કરે તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી તેથી હાલની અરજીના અરજદાર /આરોપીનો ગુનામાં રોલ, ગુનાની ગંભીરતા અને ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લઈ હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લીધી, અરજીની હકીકતો ધ્યાને લીધી તેમજ અરજીના સમર્થનમાં આંક–૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે તેમજ તપાસ કરનાર અમલદારનું આંક–૭નું સોગંદનામું વંચાણે લીધું. પોલીસ પેપર્સમાં રજુ ફરીયાદ હકીકત વંચાણે લેતાં એક હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામના ફરિયાદી જે.ડી.રાઠોડ, પો.સ.ઈ., મોડાસા રૂરલ પો.સ્ટે.નાઓ તેમના પોલીસ સ્ટાફના માણસો સાથે તા.૨૦/૧૦/૨૦૨૫ના રોજ દિવાળી તહેવાર અનુસંધાને પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને મળેલ બાતમી આધારે ભવાનપુર પાટીયાથી લીંભોઈ ગામ તરફ આવતા રોડ ઉપર બ્લોકીંગ કરી ઉભા હતા તે દરમિયાન બાતમી હકીકત વાળુ વાહન આવેલી અને તેનો ચાલક દુરથી બ્લોકીંગ જોઈને પોતાની ગાડી પાછી વાળી દોડાવતા તેઓએ સદર ગાડીનો પીછો કરેલો અને સામેથી પોલીસ ઈન્સ.શ્રીની ગાડી આવતા સદર બલેનો ગાડીનો ચાલક પોતાની ગાડી રોડની બાજુમાં વાળવા જતા સ્મશાન નજીક આવેલ નાળામાં ઉતરી ગયેલ અને ગાડીનો ચાલક તથા તેની બાજુમાં બેઠેલ ઈસમ ગાડીમાંથી ઉતરી ભાગવા લાગેલ અને ફરિયાદી તથા તેમની સાથેના પોલીસ સ્ટાફના માણસોએ સદર બંને ઈસમોનો પીછો કરતા ગાડીનો ચાલક ભાગી ગયેલ અને તેની બાજુમાં બેઠેલ ઈસમ પકડાઈ ગયેલ અને તેને ગાડીની નજીક લાવી ગાડી ખોલી અંદર જોતાં તેમાંથી અલગ અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટની વિદેશી દારુની પેટીઓ તથા છુટક દારુની બોટલો ભરેલ હતી, જેથી સદર આરોપીને પકડાયેલ વાહન અને પ્રોહી.મુદ્દામાલ સાથે પો.સ્ટે.માં લઈ આવેલા અને પંચો રૂબરૂ તેઓને નામ ઠામ પુછતાં પોતાનું નામ યોગેશભાઈ સ.ઓ. બાબુભાઈ નાનજીભાઈ સોલંકી, રહે.નરોડા

રેલ્વે સ્ટેશન સામે, ખોડીયાર નગર, સરદાર નગર, અમદાવાદનો હોવાનું જણાવેલ અને તેની પાસે સદર વિદેશી દારુ રાખવા અંગેની પાસ પરમીટ માંગતા પોતાની પાસે ન હોવાનું જણાવેલ અને પોલીસે પંચોની હાજરીમાં સદર બલેનો ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.વાય. ૬૯૫૨માંથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારુ/ બીયરની બોટલ/ ટીનની આખી પેટી નંગ-૨૪ જેમાં બોટલ/ટીન નંગ -૮૧૬ તથા છુટી બોટલ/ટીન નંગ-૪૩૧ મળી કુલ બોટલ / ટીન નંગ-૧૨૪૭, કિં.રૂ.૪,૧૫,૧૨૦/-નો પ્રોહી. મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લીધેલ છે અને સદર ઈસમને સદર વિદેશી દારુ ભરી લાવવા બાબતે પુછતાં અમદાવાદના કૈલાશભાઈ કાનજીભાઈ ઉર્ફે ખીમજીભાઈ માળી એટલે કે હાલના અરજીના અરજદાર/આરોપીએ તેઓને બલેનો ગાડી ઓપલ અને સદર કૈલાશભાઈ પોતે સફેદ કલરની ક્રેટા ગાડી લઈ અને બંને ગાડી સાથે અમદાવાદ મુકામેથી નીકળી રાજસ્થાન બીંછીવાડા કિંગફીશર હોટલની નજીક ગયેલા અને થોડીવાર બાદ પ્રકાશ મારવાડી નામનો માણસ આવેલ અને સદર ઈસમ પાસેથી બલેનો ગાડી લઈ હાલના અરજીના અરજદાર/આરોપી કૈલાશભાઈ અને આરોપી યોગેશ બંને જણા બલેનો તથા ક્રેટા ગાડી લઈને આગળ ગયેલા અને થોડીવાર બાદ આ બલેનો ગાડી પ્રકાશ મારવાડી નામનો માણસ લઈને આવેલ અને સદર ઈસમ યોગેશભાઈ બાબુભાઈ સોલંકીને ગાડીમાં બેસાડી બલેનો ગાડી આગળ હાલના અરજીના અરજદાર/આરોપી કૈલાશભાઈ ક્રેટા ગાડી લઈ પાયલોટીંગ કરતા કરતા અમદાવાદ જવા નીકળેલ અને તે દરમિયાન લીંભોઈ ગામ જતા ગાડી પકડાઈ ગયેલ અને તપાસના કામે સદર પકડાયેલ મારુતિ બલેનો ગાડી રજી.નં .જી.જે.૦૧.આર.વાય. ૬૯૫૨ વાળી હાલના અરજીના અરજદાર/આરોપીની માલિકીનું હોવાનું તપાસમાં ખુલેલ છે અને બનાવ સમયે બલેનો ગાડીનો ચાલક આરોપી પ્રકાશ મારવાડી હજુ મળી આવેલ નથી અને ગુન્હાની મહત્વની કડીઓ મેળવવાની બાકી છે જેથી હાલના અરજીના અરજદાર/આરોપીને સાથે રાખી

તપાસ થાય તે માટે અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરુરી છે તથા હાલના અરજીના અરજદાર/આરોપી વિરુઘ્ધ સાણંદ જી.આઈ.ડી.સી. પો.સ્ટે.માં થર્ડ ગુના રજી.નં.૦૦૬૮/૨૦૨૦થી પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૮૧ અને ૯૮(૨) મુજબ તથા સાંતેજ પો.સ્ટે.માં પાર્ટ–સી ગુના રજી.નં.૦૨૧૭ /૨૦૨૦થી પ્રોહી.એકટની કલમ– ૬૫(એ,ઈ), ૮૧ અને ૧૧૬બી મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે અને તેઓનો ગુનાહીત ઈતિહાસ હોવાની હકીકત પણ તપાસમાં ખુલેલ છે તે સંજોગોમાં હાલના અરજીના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાની તેમના વિ.વકીલશ્રીની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી અને ઉપરોકત કરેલ ચર્ચા આધારે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>//હુ ક મ//</u>**

અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : સત્તરમી, માહે : નવેમ્બર, સને : ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૧૧/૨૫
મુ.મોડાસા

**(શ્રીમતી આશા નિલેશકુમાર અંજારીયા)**
સત્ર ન્યાયાધિશ
અરવલ્લી–મોડાસા
(કોડ નં.જી.જે.૦૦૩૪૮)

ડી.ટી.મકવાણા